Gujarati

# Victims of Crime – support and advice

# ગુનાનો ભોગ બનેલાં લોકો - ટેકો અને સલાહ

The police will pass information about you to Victim Support so that they can offer you help and support, unless you ask the police not to.

The police will update you about your case on at least a monthly basis, and tell you if someone is arrested, bailed or cautioned in connection with your case, unless you ask them not to.

પોલીસ તમારા વિશેની માહિતી વિક્ટિમ સપોર્ટને મોકલી આપશે, જેથી તેઓ તમને મદદ અને ટેકો પ્રદાન કરી શકે, સિવાય કે તમે પોલીસને આમ કરવાની ના પાડી હોય.

પોલીસ તમને ઓછામાં ઓછા દર મહિને એક વાર તમારો કેસ કેટલો આગળ વધ્યો તે વિશે અને, તમારા કેસના સંબંધમાં જો કોઈની ધરપકડ કરવામાં આવી હોય, ચેતવણી આપવામાં આવી હોય તો તે વિશેની માહિતી આપતાં રહેશે, સિવાય કે તે માટે તમે તેમને ના પાડો.

CRIMINAL JUSTICE SYSTEM

# Victims of Crime – support and advice

First of all, thank you for reporting the crime to the police. Reporting crime is an essential first step in bringing offenders to justice.

This leaflet explains what will happen now.

The Criminal Justice System website at **www.cjsonline.gov.uk** contains more information for victims of crime, such as specific sections on 'Help and Support' and 'Going to Court'.

## The police

Now you have reported a crime to the police, they will decide what to do next. For example, they may begin an investigation to try to solve the crime. Wherever possible, you should:

> give them as much information as you can about the offence, including what happened and what you saw and heard;

> tell them if you are worried about your own or your family's safety or your privacy – there is support available if you are feeling intimidated (see below);

> tell them if the crime was made worse by abuse or hate related to race, sexuality, religion or disability; and

> let them know of any specific needs you have that would help the police provide the best service they can – for example, religious requirements or a health problem.

The police will give you contact details so that, if you need to contact them again after making your statement, or if you feel your rights under the Code of Practice for Victims of Crime have not been met (see below), you can talk to someone who is already familiar with your situation. These contact details will include:

| | |
|---|---|
| **Name of the police station** | |
| **Main telephone number of the police station** | |
| **Name of the officer dealing with your case** | |
| **Rank and number of the officer dealing with your case** | |
| **Crime reference number** | |
| **Telephone number of the crime desk (if there is one)** | |



# ગુનાનો ભોગ બનેલાં લોકો - ટેકો અને સલાહ

સૌથી પહેલાં, ગુનાની જાણ પોલીસને કરવા બદલ તમારો ઘણો આભાર. ગુનેગારોને સજા કરાવવા માટેનું પહેલું આવશ્યક પગલું, ગુનાની જાણ કરવાનું છે.

હવે આગળ શું થશે તે આ પત્રિકા સમજાવે છે.

ગુનાનો ભોગ બનેલાં લોકો માટે ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમની વેબસાઈટ **www.cjsonline.gov.uk** પર વધારે માહિતી આપેલી છે, જેમ કે 'Help and Support' (મદદ અને ટેકો) અને 'Going to Court' (કોર્ટમાં જવું) જેવા ખાસ વિભાગો.

## પોલીસ

તમે હવે પોલીસને ગુનાની જાણ કરી દીધી છે, એટલે આગળ શું કરવું તેનો નિર્ણય તેઓ કરશે. દાખલા તરીકે, તેઓ ગુનાનો ઉકેલ લાવવા માટે તપાસ કાર્ય શરૂ કરી શકે. જ્યાં પણ શક્ય હોય ત્યાં તમારે:

> ગુના વિશે તમારાથી બને તેટલી બધી જ માહિતી તેમને આપવી જોઈએ, જેમ કે શું બન્યું હતું અને તમે શું જોયું અને સાંભળ્યું હતું તેના સહિત;

> જો તમે તમારી પોતાની કે તમારાં કુટુંબીજનોની સુરક્ષા કે કોઈની દખલગીરી થવા વિશે ચિંતિત હો, તો તેમને કહેવું જોઈએ - જો તમને કોઈનો ડર લાગી રહ્યો હોય તો તમને ટેકો મળી શકે છે (નીચે જુઓ);

> જો વર્ણ, જાતીયતા, ધર્મ કે અસમર્થતાને લગતી હેરાનગતી કે નફરતને કારણે ગુનો વધારે ખરાબ બન્યો હોય તે તેમને કહેવું જોઈએ; અને

> પોલીસ તેમનાથી શક્ય તેટલી સવોત્તમ સેવા તમને આપી શકે તેમાં તેમને મદદ થાય તેવી તમારી કોઈ ખાસ જરૂરતો હોય, તો તેમને કહેવું જોઈએ - દાખલા તરીકે, કોઈ ધાર્મિક જરૂરતો અથવા આરોગ્યની તકલીફ.

પોલીસ તમને સંપર્ક માટેની વિગતો આપશે, જેથી જો તમને તમારું બયાન આપ્યા બાદ ફરીથી તેમનો સંપર્ક કરવાની જરૂર પડે, અથવા જો તમને લાગતું હોય કે ગુનાનો ભોગ બનેલાં લોકો માટેની આચાર સંહિતા (કોડ ઓફ પ્રેક્ટિસ) હેઠળ તમારા અધિકારો પૂરા કરવામાં આવ્યા નથી (નીચે જુઓ), તો તમારી પરિસ્થિતિ વિશે પહેલેથી વાકેફ હોય તેવી કોઈ વ્યક્તિ સાથે તમે વાતચીત કરી શકો. સંપર્ક માટેની આ વિગતોમાં નીચેનાનો સમાવેશ થશે:

| | |
|---|---|
| **પોલીસ સ્ટેશનનું નામ** | |
| **તે પોલીસ સ્ટેશનનો મુખ્ય ફોન નંબર** | |
| **તમારા કેસની કાર્યવાહી કરી રહેલા ઓફિસરનું નામ** | |
| **તમારા કેસની કાર્યવાહી કરી રહેલા ઓફિસરની રેન્ક (પદવી) અને નંબર** | |
| **ક્રાઈમ રેફરન્સ નંબર** | |
| **ક્રાઈમ ડેસ્કનો ફોન નંબર (જો હશે તો)** | |

Keep these details handy. You should contact the police again if, for example: you remember more details about the incident; you find that there was more loss or damage than you first thought resulting from the incident; or you were hurt during the crime and the injuries now seem more serious than they did at the time.

You should also tell the police if you change your address or telephone number so that they can let you know if someone has been arrested, bailed or cautioned in connection with the offence.

## What happens next?

The police will decide whether there is sufficient information to investigate the crime. This may involve taking statements and speaking to witnesses or doing forensic tests. Whatever happens, you will be told whether or not the crime is being investigated further or if the investigation is closed and the reason why. You will be told if a suspect is arrested, charged, bailed or the subject of an out-of-court resolution such as a caution or reprimand. If the offender is identified and is under 18 years of age, you may be contacted by the Youth Offending Team about participating in a restorative process.

## Going to court

If your case goes to court the following will happen:

> you will be contacted by a Witness Care Unit. They will be your single point of contact throughout the criminal justice process, provide you with practical support and give you the information you need; and

> if you are required to give evidence, you will be offered support from Victim Support's Witness Service, which is confidential and free.

## The Code of Practice for Victims of Crime

Victims of crime are entitled to minimum standards of service from the Criminal Justice System under the Code of Practice for Victims of Crime. These standards include:

> the right to be referred to Victim Support (see below) or given information about the types of support available in your area;

> the right to be kept informed of the progress of your case on a minimum of a monthly basis and to be told when there has been a major development in your case, such as an arrest or a charge;



2

આ વિગતો હાથવગી રાખો. દાખલા તરીકે જો તમને બનાવ વિશે બીજી વધારે વિગતો યાદ આવે; અથવા તમને ખબર પડે કે તમને શરૂઆતમાં લાગ્યું હતું તેના કરતાં તે બનાવને પરિણામે વધારે નુક્સાન થયું છે કે ગુમાવવું પડ્યું છે; અથવા ગુના દરમ્યાન તમને ઈજા થઈ હોય અને તે સમયે લાગતું હતું તેના કરતાં તે ઈજાઓ હવે વધારે ગંભીર જણાતી હોય, તો તમારે પોલીસનો ફરીથી સંપર્ક કરવો જોઈએ.

જો તમે તમારું સરનામું કે ફોન નંબર બદલો તો પણ તમારે પોલીસને કહેવું જોઈએ, જેથી જો ગુનાના સંબંધમાં કોઈની ધરપકડ કરવામાં આવે, જામીન આપવામાં આવે કે ચેતવણી આપવામાં આવે તો તેઓ તમને તેની જાણ કરી શકે.

## હવે પછી શું થશે?

ગુનાની તપાસ કરવા માટે પૂરતા પુરાવાઓ છે કે નહિ તેનો નિર્ણય પોલીસ કરશે. આમાં બયાનો લેવાનો અને સાક્ષીઓ સાથે વાતચીત કરવાનો કે ફોરેન્સિક (અદાલતમાં રજૂ કરવા માટેના પુરાવા એકઠા કરવા માટે) ચકાસણીઓ કરવાનો સમાવેશ થઈ શકે. જે કંઈ પણ થશે, ગુનાની આગળ તપાસ કરવામાં આવી રહી છે કે નહિ અથવા તો પછી તપાસ બંધ કરી દેવામાં આવી છે તે તમને કહેવામાં આવશે, અને તેનું કારણ પણ જણાવવામાં આવશે. શકમંદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે, તેના પર આરોપ મૂકવામાં આવ્યો છે, જામીન આપવામાં આવ્યા છે કે પછી તેને ચેતવણી અથવા ઠપકો આપીને કોર્ટની બહાર સમાધાન કરવામાં આવ્યું છે તે તમને કહેવામાં આવશે. જો ગુનેગારને ઓળખી કાઢવામાં આવશે અને તે 18 વર્ષથી ઓછી ઉંમરનો/ઉંમરની હશે, તો તેને ફરી પાછા યોગ્ય માર્ગે ચડાવવા માટેની કાર્યવાહીમાં ભાગ લેવા બોલાવવા માટે યૂથ ઓફેન્ડિંગ ટીમ દ્વારા તમારો સંપર્ક કરવામાં આવશે.

## કોર્ટમાં જવું

જો તમારો કેસ કોર્ટમાં જશે, તો નીચેની બાબતો થશે:

> વિટનેસ કેર યૂનિટ તમારો સંપર્ક કરશે. ગુનાનો ન્યાય કરવાની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન સંપર્ક કરવા માટેનું તમારું તે એક જ સ્થાન હશે, તેઓ તમને વ્યવહારિક ટેકો આપશે અને તમને જોઈતી માહિતી આપશે; અને

> જો તમારે જુબાની આપવાની હશે, તો તમને વિક્ટિમ સપોર્ટની વિટનેસ સર્વિસ દ્વારા ટેકો પ્રદાન કરવામાં આવશે, જે ખાનગી અને મફત હોય છે.

## ગુનાનો ભોગ બનેલાં લોકો માટેની આચાર સંહિતા

ગુનાનો ભોગ બનેલાં લોકો માટેની આચાર સંહિતા હેઠળ ગુનાનો ભોગ બનેલાં લોકો ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ પાસેથી સેવાનાં ઓછામાં ઓછાં ધોરણો મેળવવા માટે હકદાર હોય છે.
આ ધોરણોમાં નીચેનાંનો સમાવેશ થાય છે:

> વિક્ટિમ સપોર્ટ પાસે મોકલવામાં આવે તેનો અધિકાર (નીચે જુઓ) અથવા તમારા વિસ્તારમાં કેવા પ્રકારનો ટેકો મળી શકે છે તે વિશે તમને માહિતી આપવામાં આવે;

> તમારો કેસ કેટલો આગળ વધ્યો તે વિશે ઓછામાં ઓછા દર મહિને એક વાર તમને માહિતી આપવામાં આવે અને તમારા કેસમાં જો કોઈ મોટી બાબત બને, જેમ કે કોઈની ધરપકડ થાય કે કોઈની ઉપર આરોપ મૂકવામાં આવે, તો તે વિશે તમને જાણ કરવામાં આવે તેનો અધિકાર;

- the right to be told if a charge is withdrawn or there is a major change to the charge;
- the right to be told the dates of court hearings and to be told if you will be needed as a witness; and
- the right to be informed about the outcome of the case including, if the offender is found guilty, information about the sentence given and any appeals.

If you do not receive the level of service set out in the Code of Practice, you can make a complaint. For more information about the Code of Practice for Victims of Crime, and for information on how to make a complaint or provide feedback on the service you receive, ask the police for a copy of the leaflet 'Code of Practice: Guide for Victims', or have a look at the website **www.cjsonline.gov.uk**

# Compensation

## Criminal Injuries Compensation Scheme

If you have been injured in a violent crime, you can apply for a payment under the Criminal Injuries Compensation Scheme. For more information on the scheme, ask for the leaflet 'Victims of Crimes of Violence – A Guide to the Criminal Injuries Compensation Scheme'. You can get this from the police, from Victim Support, from your nearest Citizens Advice Bureau, or from the Criminal Injuries Compensation Authority (telephone: **0800 358 3601**; website: **www.cica.gov.uk**).

## Motor Insurers' Bureau

If you suffer injury, loss, or damage to property as a result of a road traffic incident involving a motor vehicle, you will normally be eligible for a payment made by the vehicle owner's insurance company. If the vehicle is uninsured, you may be able to claim compensation from the Motor Insurers' Bureau. If the police have not traced the offender, only personal injury compensation may be available. To claim, or to find out more, contact the Motor Insurers' Bureau (telephone: **01908 830001**; website: **www.mib.org.uk**).

# Protection against crime and harassment

The police can offer free crime prevention advice. You may also find helpful information in the Home Office crime prevention guide 'Your Practical Guide to Crime Prevention'. Ask the police for a copy.



3

- જો કોઈની ઉપર મૂકવામાં આવેલો આરોપ પાછો ખેંચી લેવામાં આવ્યો હોય અથવા તે આરોપમાં કોઈ મોટો ફેરફાર થયો હોય, તો તેની તમને જાણ કરવામાં આવે તેનો અધિકાર;
- કોર્ટની સુનાવણીની તારીખોની તમને જાણ કરવામાં આવે અને સાક્ષી તરીકે તમારી જરૂર પડશે કે નહિ તે તમને કહેવામાં આવે તેનો અધિકાર; અને
- જો ગુનેગાર ઉપરનો ગુનો પુરવાર થયો હોય, તો તેને શું સજા કરવામાં આવી છે અને કોઈ અપીલો કરવામાં આવી છે કે નહિ તેની માહિતી આપવા સહિત કેસના પરિણામ વિશે તમને જાણ કરવામાં આવે તેનો અધિકાર.

જો તમને આચાર સંહિતામાં જણાવ્યા મુજબના સ્તરની સેવા ન મળે, તો તમે ફરિયાદ કરી શકો છો. ગુનાનો ભોગ બનેલાં લોકો માટેની આચાર સંહિતા વિશે વધારે માહિતી માટે, અને ફરિયાદ કેવી રીતે કરવી તેની માહિતી મેળવવા માટે, અથવા તમને મળેલી સેવા વિશે અભિપ્રાયો આપવા માટે, પોલીસ પાસેથી 'Code of Practice: Guide for Victims' 'કોડ ઓફ પ્રેક્ટિસઃ ગાઈડ ફોર વિક્ટિમ્સ' (આચાર સંહિતાઃ ગુનાનો ભોગ બનેલાં લોકો માટેની માર્ગદર્શિકા)ની નકલ માગો, અથવા આ વેબસાઈટ જુઓઃ **www.cjsonline.gov.uk**

# વળતર

## ક્રિમિનલ ઈન્જરીઝ કોમ્પનસેશન સ્કીમ (ગુનાને કારણે થયેલી ઈજાઓ માટે વળતર મેળવવાની યોજના)

મેળવવાની અરજી કરી શકો છો. આ યોજના વિશે વધારે માહિતી માટે, 'Victims of Crimes of Violence – A Guide to the Criminal Injuries Compensation Scheme' 'વિક્ટિમ્સ ઓફ ક્રાઈમ્સ ઓફ વાયોલન્સ – એ ગાઈડ ટુ ધ ક્રિમિનલ ઈન્જરીઝ કોમ્પનસેશન સ્કીમ' (હિંસાના ગુનાનો ભોગ બનેલાં લોકો – ગુનાને કારણે થયેલી ઈજાઓ માટે વળતર મેળવાની યોજનાની માર્ગદર્શિકા) નામની પત્રિકા માગો. આ તમને પોલીસ, વિક્ટિમ સપોર્ટ, તમારા નજીકના સિટિઝન્સ એડવાઈઝ બ્યૂરો, અથવા ક્રિમિનલ ઈન્જરીઝ કોમ્પનસેશન ઓથોરિટી પાસેથી મળી શકે છે (ફોનઃ **0800 358 3601;** વેબસાઈટઃ **www.cica.gov.uk**).

## મોટર ઈન્શ્યોરર્સ બ્યૂરો

જો તમને રસ્તા પરના ટ્રાફિકને પરિણામે કોઈ વાહનને સંડોવતા બનાવમાં ઈજા, નુક્સાન થયાં હોય કે તમારી સ્થાવર મિલકતને હાનિ પહોંચી હોય તો સામાન્ય રીતે તમે તે વાહનના માલિકની ઈન્શ્યોરન્સ કંપની દ્વારા ચૂકવવામાં આવતા પૈસા માટે લાયક બનશો. જો તે વાહનનો ઈન્શ્યોરન્સ ન કરાવેલો હોય, તો તમે કદાચ મોટર ઈન્શ્યોરર્સ બ્યૂરો (Motor Insurers' Bureau) પાસેથી વળતર મેળવવાનો દાવો કરી શકો. જો પોલીસ ગુનેગારને પકડી શક્યાં ન હોય, તો ફક્ત અંગત ઈજા માટેનું વળતર જ કદાચ મળી શકે. દાવો કરવા માટે, અથવા વધારે જાણકારી મેળવવા માટે, મોટર ઈન્શ્યોરર્સ બ્યૂરોનો સંપર્ક કરો (ફોનઃ **01908 830001**; વેબસાઈટઃ **www.mib.org.uk**).

# ગુનાખોરી અને હેરાનગતી સામે સુરક્ષા

ગુના રોકવા માટેની મફત સલાહ પોલીસ આપી શકે છે. ગુના રોકવા માટેની હોમ ઓફિસની માર્ગદર્શિકા 'Your Practical Guide to Crime Prevention' 'યોર પ્રેક્ટિકલ ગાઈડ ટુ ક્રાઈમ પ્રીવેન્શન' (ગુના રોકવા માટેની તમારી વ્યવહારિક માર્ગદર્શિકા)માં આપેલી માહિતી પણ કદાચ તમને ઉપયોગી બની શકે. પોલીસ પાસેથી આ નકલની માગણી કરો.

It is a criminal offence to make another person fear that violence will be used against them. It is also an offence to make someone afraid by, for example, 'stalking'. If you have suffered harassment or fear of violence and the offender has been caught and convicted, the criminal court can make a restraining order to stop them coming near you to threaten you or make you afraid. You can also ask a civil court for an injunction to stop someone's threatening behaviour.

## Support and advice

### Victim Support

Victim Support is the national charity that helps people affected by crime.

### Victim Supportline

**0845 30 30 900**
For those with hearing difficulties: 18001 0845 30 30 90
Email: supportline@victimsupport.org.uk
Website: www.victimsupport.org.uk

### English National Domestic Violence Helpline

**0808 2000 247**

### Wales Domestic Abuse Helpline

**0808 80 10 800**

### Male Advice and Enquiry Line

If you are a man experiencing domestic violence or you want to call on behalf of a male friend or relative, you can contact the Male Advice and Enquiry Line on:
**0845 064 6800**

### Rape Crisis

This website has a list of local rape crisis centres:
**www.rapecrisis.org.uk**





કોઈ વ્યક્તિને તેમની સામે હિંસાનો ઉપયોગ કરવામાં આવશે એવું કહીને તેમને ડરાવવું એ કાનૂની ગુનો છે. દાખલા તરીકે કોઈ વ્યક્તિનો 'છૂપાઈને પીછો કર્યા કરીને' તેમને ડરાવવું પણ કાનૂની ગુનો છે. જો તમને હેરાન કરવામાં આવ્યાં હોય અથવા હિંસાનો ભય હોય, અને ગુનેગાર પકડાઈ ગયો/ગઈ હોય અને તેનો ગુનો પુરવાર થઈ ગયો હોય, તો તમને ડરાવવા કે ગભરાવવા માટે તમારી નજીક તેમને આવતાં રોકવા માટેનો હુકમ ક્રિમિનલ કોર્ટ કરી શકે છે. કોઈ વ્યક્તિનું ધમકી આપતું વર્તન અટકાવવા માટે પણ તમે સિવિલ કોર્ટ પાસેથી મનાઈ હુકમ મેળવી શકો છો.

## ટેકો અને સલાહ

### વિક્ટિમ સપોર્ટ
### Victim Support

વિક્ટિમ સપોર્ટ એક રાષ્ટ્રિય ચેરિટી (ધર્માદા સંસ્થા) છે જે ગુનાની અસર પામેલાં લોકોને મદદ કરે છે.

### વિક્ટિમ સપોર્ટ લાઈન
### Victim Supportline

**0845 30 30 900**
સાંભળવાની તકલીફવાળાં લોકો માટે: 18001 0845 30 30 90
ઈમેઈલ: supportline@victimsupport.org.uk
વેબસાઈટ: www.victimsupport.org.uk

### ઈંગ્લિશ નેશનલ ડોમેસ્ટિક વાયોલન્સ હેલ્પલાઈન
### English National Domestic Violence Helpline

**0808 2000 247**

### વેલ્સ ડોમેસ્ટિક અબ્યૂઝ હેલ્પલાઈન
### Wales Domestic Abuse Helpline

**0808 80 10 800**

### મેલ એડવાઈઝ એન્ડ ઈન્ક્વાયરી લાઈન
### Male Advice and Enquiry Line

જો તમે પુરુષ હો અને ઘરેલૂ હિંસાનો અનુભવ કરી રહ્યાં હો અથવા તમે કોઈ પુરુષ મિત્ર કે સગા વતી ફોન કરવા માગતાં હો, તો તમે 'મેલ એડવાઈઝ એન્ડ ઈન્ક્વાયરી લાઈન' (પુરુષો માટે સલાહ અને પૂછપરછ માટેની લાઈન)નો આ નંબર પર સંપર્ક કરી શકો છો:
**0845 064 6800**

### રેપ ક્રાઈસિસ
### Rape Crisis

આ વેબસાઈટ પર રેપ (શારીરિક બળાત્કાર) ક્રાઈસિસનાં સ્થાનિક સેન્ટરોની યાદી આપેલી છે.
**www.rapecrisis.org.uk**

## Help from Victim Support

You may be affected by crime emotionally or physically and in many different or unpredictable ways. These feelings are common. Victim Support is the national independent charity for people affected by crime. It provides a free and confidential service. Trained staff and volunteers offer information, support and practical help.

Your local Victim Support service is:

You can contact the Victim Supportline on **0845 30 30 900**.

Or, if you prefer, you can write to the Victim Supportline at:
**PO Box 11431, London SW9 6ZH**

Further information about the help available to you as a victim of crime can also be found at **www.cjsonline.gov.uk**

If you are not sure about anything in this leaflet, or how to get the help and support that is available to you, ask your local police for advice.

This leaflet is available in large print and Braille versions, as well as in a number of different languages. Ask the police if you would like an alternative version.





## વિક્ટિમ સપોર્ટ તરફથી મદદ

તમને કદાચ લાગણીશીલ કે શારીરિક રીતે અને ઘણી અણધારી રીતે ગુનાની અસર થઈ શકે. આવી લાગણીઓ થવી સાધારણ છે. ગુનાનો ભોગ બનેલાં લોકો માટે વિક્ટિમ સપોર્ટ એક રાષ્ટ્રિય સ્વતંત્ર ચેરિટી છે. તે મફત અને ખાનગી સેવા પૂરી પાડે છે. તાલીમ મેળવેલા કર્મચારીઓ માહિતી, ટેકો અને વ્યવહારિક મદદ પૂરાં પાડે છે.

તમારી સ્થાનિક વિક્ટિમ સપોર્ટ સર્વિસ અહીં છે:

તમે વિક્ટિમ સપોર્ટ લાઈનનો આ નંબર પર સંપર્ક કરી શકો છો **0845 30 30 900**.

અથવા, જો તમે ઈચ્છો તો આ સરનામે વિક્ટિમ સપોર્ટલાઈનને લખી શકો છો:
**PO Box 11431, London SW9 6ZH**

ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ તરીકે તમને શું મદદ મળી શકે છે તે વિશે વધારે માહિતી અહીંથી પણ મળી શકે છે: **www.cjsonline.gov.uk**

આ પત્રિકામાં આપેલી કોઈ પણ બાબત વિશે અથવા તમને મળી શકતી મદદ અને ટેકો કેવી રીતે મેળવવાં તે વિશે જો તમે ચોક્કસ ન હો, તો સલાહ માટે તમારા સ્થાનિક પોલીસને પૂછો.

આ પત્રિકા મોટા અક્ષરોમાં છાપેલી અને બ્રેઈલમાં તેમજ બીજી અનેક ભાષાઓમાં મળી શકે છે. જો તમને તે બીજા કોઈ સ્વરૂપમાં જોઈતી હોય, તો પોલીસને પૂછો.

CJS Home Office CPS dca Department for Constitutional Affairs Justice, rights and democracy

Criminal Justice System: working together for the public

Produced by the Office for Criminal Justice Reform. July 2006
Order code VOC/GUJARATI File ref: 275893